આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકની અનુદાનિત આશ્રમશાળાઓ, ઉત્તર બુનિયાદી આશ્રમશાળા, ઉચ્ચત્તર ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓના શૈક્ષણિક / બિન શૈક્ષણિક કર્મચારીઓને સાતમા કેન્દ્રીય પગાર પંચની ભલામણોના આધારે પગાર સુધારણાનો લાભ આપવા બાબત.

**ગુજરાત સરકાર**

આદિજાતિ વિકાસ વિભાગ

**સુધારા ઠરાવ ક્રમાંક: અમશ/૨૦૧૭/૧૦૩૯/ઘ**

સચિવાલય, ગાંધીનગર.

તા.૨૭/૦૮/૨૦૧૯

**વંચાણે લીધા :-**

(૧) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૧૪/૦૮/૨૦૧૯નો ઠરાવ ક્રમાંકઃ અમશ/ ૨૦૧૭/ ૧૦૩૯/ઘ.

**સુધારા ઠરાવ:-**

વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૧)ના તા.૧૪/૦૮/૨૦૧૯ના ઠરાવ ક્રમાંકની અનુસૂચિ-૧માં આશ્રમશાળાઓ સંદર્ભે ક્રમ નં.૪,૫,૬ પરના મદદનીશ રસોઇયા, રસોડા નોકર અને કમાઠીના પે-બેન્ડના કોલમ નં. ૭માં ૪૪૪૦ના બદલે "૪૪૪૦-૭૪૪૦", ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ સંદર્ભે કોલમ નં. ૩માં શિક્ષક સહાયકની ૯૦ જગ્યાના બદલે "૯૩" જગ્યા તથા ઉચ્ચત્તર ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓના અનુસંધાને ભરેલી જગ્યાઓના કોલમ નં. ૪માં કુલ-૧૪ જગ્યાના બદલે કુલ-"૧૧૪" જગ્યાઓ વાંચવી. વધુમાં સદરહુ ઠરાવની (૧૯) નંબરની શરતના સ્થાને નીચે મુજબ વાંચવુઃ-

**"(૧૯) અનુસૂચિ-૧માં દર્શાવવામાં આવેલ નામાભિધાન/પગાર ધોરણો પણ કમિશ્નરશ્રી (આ.વિ)/ આશ્રમશાળાઓ દ્વારા ચકાસવાના રહેશે અને સ્કેલ-ટુ-સ્કેલ ચકાસણી કરવાની રહેશે અને ચકાસણી મુજબ યોગ્ય જણાયે જ પગાર બાંધણી કરવાની રહેશે. તેમાં વિસંગતતા જણાય તો નાણા વિભાગનો પરામર્શ કરવાનો રહેશે અને પુન: દરખાસ્ત કરી મંજૂરી મેળવવાની રહેશે." કમિશ્નરશ્રી (આ.વિ)/ આશ્રમશાળાઓ કોઈ પણ જગ્યાના નામાભિધાન કે પગાર ધોરણમાં કોઈ ફેરફાર કરી શકશે નહીં.**

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( જે.આર.ડોડીયા )
સંયુક્ત સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

**નકલ રવાના :-**

- માન.રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

D:\gh-3-\GH-2\RITABEN\2017\NOTING\AMS-2017-1039-GH.docx

- માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(આ.બા)ના અંગત સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(આ.વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા વિભાગ(પગાર એકમ), સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી,આદિજાતિ વિકાસ, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરીની કચેરી,ઇ.ડી.પી સેલ,ગાંધીનગર.
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરીની કચેરી, પગાર ચકાસણી એકમ,ડો.જીવરાજ મહેતા ભવન, બ્લોક નં.-૧૭, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજર, આદિજાતિ વિકાસ વિભાગ,ઠરાવ વેબસાઇટ ઉપર મુકવા વિનંતી સહ.
- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ/સિલેકટ ફાઇલ.